



# આશ્ચર્ય (SURPRISE)

## MONTH : OCTOBER



**"આશ્ચર્ય એ જ્ઞાનનું પ્રથમ પગથિયું છે."**
**"જ્યાં સુધી મનુષ્ય નવાઈ પામતો રહે છે,**
**ત્યાં સુધી તે આગળ વધતો રહે છે."**

આત્મીય વાલીશ્રી, વંદે માતરમ્

આશ્ચર્ય એક ઝડપી, ક્ષણિક, માનસિક અને શારીરિક સ્થિતિ છે. તે અણધારી ઘટનાના પરિણામે પ્રાણીઓ અને મનુષ્યો દ્વારા અનુભવાતી ચોંકાવનારી પ્રતિક્રિયા સાથે સંબંધિત છે.

આશ્ચર્ય એટલે મનુષ્યની એવી લાગણી જે અચાનક ઘટેલી ઘટના કે અણધાર્યા દૃશ્યથી જન્મે છે. જ્યારે કોઈ નવી, અજાણી કે અદ્ભુત વસ્તુ સામે આવે ત્યારે મનમાં જે નવાઈ કે ચમત્કારની અનુભૂતિ થાય તેને આશ્ચર્ય કહેવામાં આવે છે.

માનવીના જીવનમાં આશ્ચર્યનું સ્થાન અત્યંત મહત્વપૂર્ણ છે. આશ્ચર્યથી જ માણસ વિચારવામાં, પ્રશ્ન પૂછવામાં અને નવી વાતો શીખવામાં આગળ વધે છે. બાળકોમાં આ ભાવ વધુ જોવા મળે છે. નાનકડું બાળક પતંગિયાને ઉડતું જુએ કે આકાશમાં ચમકતી વીજળી નિહાળે ત્યારે તેની આંખો આશ્ચર્યથી પહોળી થઈ જાય છે. આ જ આશ્ચર્ય તેને પૂછવા પ્રેરિત કરે છે – આવું કેમ થાય છે?

આશ્ચર્ય જ જિજ્ઞાસાનું બીજ છે. જ્યાં જિજ્ઞાસા હોય ત્યાં જ શીખવાનું આરંભ થાય છે. વિજ્ઞાનની અનેક શોધો, કલા અને સાહિત્યના સર્જન અને જીવનનાં મોટાભાગના મહત્વના પ્રશ્નોના ઉત્તર – બધું આશ્ચર્યથી જ શરૂ થાય છે.

આશ્ચર્ય માનવીના મનને તાજગી અને નવી દિશા આપે છે. જે માણસ નવાઈ પામવાનું બંધ કરી દે છે તે જીવનમાં શીખવાનું પણ બંધ કરી દે છે. તેથી જ બાળકોમાં રહેલું આ આશ્ચર્ય જીવંત રાખવું ખૂબ જ જરૂરી છે. વાલીઓ અને શિક્ષકોનું કામ છે કે તેઓ બાળકોને નવા અનુભવો કરાવે, પ્રશ્નોના ઉત્તર શોધવામાં મદદ કરે અને તેમની કલ્પના-શક્તિને પાંખ આપે.

**"આશ્ચર્યની શરૂઆત 'અણધારી ઘટના' થી થાય છે અને આશ્ચર્ય જ્યારે વધે છે ત્યારે તે વિસ્મયમાં પરિણમે છે."**

# ● MONTH : OCTOBER - આશ્ચર્ય (SURPRISE) ●

## ... આશ્ચર્યયુક્ત પ્રવૃત્તિઓ ...

### 1ST WEEK : (શાળામાં કરવાની પ્રવૃત્તિ)

**● બાલભવન થી ધો. 4 ●**

સરપ્રાઈઝ જાદુગરનો શો

**● (ધો. 5 થી 9) ●**

વર્ગમાં વિદ્યાર્થીઓ આશ્ચર્યની અનુભૂતિ થતી હોય તેવી કોઈપણ બે કે ત્રણ બાબતો કાગળમાં લખશે અને શિક્ષકને આપશે.

### 2ND WEEK : (શાળામાં કરવાની પ્રવૃત્તિ)

**● (બાલભવન) ●**

બાળકને વર્ગમાં દુનિયામાં રહેલા વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓના ફોટોગ્રાફ્સવાળી ઈમેજ અને વિડિયોગ્રાફી બતાવવામાં આવશે અને તેના વિશે જાણીને બાળકો આશ્ચર્ય અનુભવશે...

**● (ધો. 1 થી 9) ●**

બાળકને વર્ગમાં દુનિયાની સાત અજાયબીનાં ફોટોગ્રાફ્સવાળી ઈમેજ લગાડવામાં આવશે અને તેના વિશે જાણીને બાળકો આશ્ચર્ય અનુભવશે...

### 3RD WEEK (વેકેશનમાં ઘરે કરવાની પ્રવૃત્તિ)

માતા-પિતા બાળકના અને પરિવારનાં અન્ય સભ્યનાં જૂના ફોટા બાળકને બતાવશે અને કયા પ્રસંગનો છે તેની વાત બાળક સાથે કરશે જેથી બાળક આ ફોટાઓ જોઈને આશ્ચર્ય અનુભવશે...

### 4TH WEEK : (વેકેશનમાં ઘરે કરવાની પ્રવૃત્તિ)

માતા-પિતા સાથે મળીને વેકેશનમાં કોઈપણ એક દિવસ બાળકને સરપ્રાઈઝ આપશે.
(બાળકને કહ્યા વગર જ માતા-પિતા નીચે મુજબની સરપ્રાઈઝ આપવાની છે.)
જેમકે, મનગમતી વાનગી બનાવી શકાય, મનગમતી વસ્તુ આપી શકાય,
મનગમતી જગ્યાએ લઈ જઈ શકાય વગેરે... જેનાથી બાળક આશ્ચર્ય અનુભવશે...

**શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ**
(ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ)
AT.PO.: VAV, N.H.NO.: 48, TAL.: KAMREJ, DI.: SURAT
PIN : 394326 MO.: 91734 02809, 91733 15555.

**વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ, બાબેન**
(ગુજરાતી માધ્યમ)
AT & PO.: BABEN, OPP. AVADH LIFE STYLE,TA.: BARDOLI,
DIST.: SURAT (394601) MO.: 91576 44555.